Extra No. 417

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, AUGUST 6, 2025 / SRAVANA 15, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

અમદાવાદ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ફ. ગુ. ૨ નં. ૧૧૧૯૧૦૧૧૨૩૦૨૯૪/૨૦૨૩ દાખલ થયેલ ગુનાનાં કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા બાબત.

ગૃહ વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઇ, ૨૦૨૫.

ક્રમાંક: GHG/૧૧૪/૨૦૨૫/વિ.૨/ગનહ/૧૦૨૦૨૫/GPID-01: અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝ, ગુજરાત રાજ્યના તા.૨૨/૦૧/ ૨૦૨૫ ના પત્ર ક્રમાંક: સી.આઈ.ડી./EOW & FC & CC/SIMU-1/૮૯/૨૦૨૫ તથા ૧૦/૦૬/૨૦૨૫ ના પત્ર ક્રમાંક: સી.આઈ.ડી./EOW & FC & CC/SIMU-1/૪૬૭/૨૦૨૫ થી અમદાવાદ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં.૧૧૧૯૧૦૧૧૨૩૦૨૯૪/ ૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી), તથા ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ-૩, ૪, ૫ મુજબ તા.૨૧/૧૧/૨૦૨૩ના રોજ નોંધાયેલ ગુનાના કામે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ હેઠળ આરોપીઓની મિલકતો ટાંચમાં લેવા બાબતે હુકમ કરવા વિનંતી કરેલ છે.

૨. ફરિયાદી શ્રી દિનેશકુમાર અમૃતલાલ પંડ્યા દ્વારા કરવામાં આવેલ ફરિયાદના પગલે અમદાવાદ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં.૧૧૧૯૧૦૧૧૨૩૦૨૯૪/૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી), તથા ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ની કલમ-૩, ૪, ૫ હેઠળ આરોપીઓ (૧) શિશિર ઉર્ફે મોનુ પ્રમશંકર દલોરીયા, રહે. ૪૦૫, એકમે પેરેડાઈઝ-૨, મનુઆ ખેડા રોડ, હિરાનમગરી, ઉદેપુર, રાજસ્થાન (૨) ચાર્મી સંજયભાઈ મોદી, રહે મકાન

નં.૨૧, શ્વેતાંબર સોસાયટી, પલીયડ નગર સોસાયટીની સામે, નારાયણપુરા, અમદાવાદ શહેર.(૩) ઉમેશભાઈ બાલકૃષ્ણ પંજાબી, રહે સી-૧૫, પુજન બંગ્લોઝ, માંજીપુરા, તા.નડિયાદ, જિ. ખેડા (૪) સંજયકુમાર કાશીનાથ ભટ્ટાચાર્ય, રહે ૧/૧૭૪, રજનીખંડ, શારદાનગર, લખનઉ, ઉત્તરપ્રદેશ કુલ-૦૪ આરોપીઓ વિરૂધ્ધ તા. ૨૧/૧૧/ ૨૦૨૩ ના રોજ ગુનો નોંધાયેલ છે. આ ગુનાની તપાસ શ્રી સી.બી. ગામીત, પોલીસ ઈન્સ્પેક્ટર, યુનિટ-૩, ઈકોસેલ, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરએ કરેલ છે.

૩. આ ગુનાની હકીકત મુજબ આરોપીઓએ માર્ચ-૨૦૧૫ માં એલી ગ્લોબલ મ્યુચીયલ બેનીફીટ નીધી કંપની બાદ સને ૨૦૧૮ માં એલી ગ્લોબલ માઈક્રો ફાઈનાન્સ એસોસિયેશન નામથી ફાયનાન્સ કંપની બનાવી રોકાણકારોને બેંક કરતાં વધારે વ્યાજ આપવાની લાલચ આપી રોકાણ લાવનાર ઈસમો (એજન્ટ)ને પણ અલગથી કમિશન આપવાની લાલચો આપી ફિક્સ ડીપોઝીટોની સામે સર્ટીફીકેટ તથા રીકરીંગ, સેવિંગ, અને ડેલી પ્લાન, કન્યાદાન પ્લાન જેવી અલગ અલગ સ્કીમો બનાવી સામે સિકયુરીટી પેટે પાસબુક આપી કાવતરૂ રચી વળતરનો વિશ્વાસ કેળવી પાકતી મુદતે નાણા પરત નહી આપી ફરીયાદી તથા સાહેદો સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી ગુનાહિત કૃત્ય આચરેલ છે.

૪. હાલની તપાસ દરમિયાન ફરીયાદી સહીત કુલ-૧૭૫ જેટલા સાહેદો/ રોકાણકારોએ રોકેલ રકમ રૂ.૩,૩૧,૪૧,૨૯૪/- જણાવેલ છે. તેમજ ફરીયાદી/સાહેદો/રોકાણકારોએ રોકેલ રકમ રૂ.૩,૩૧,૪૧,૨૯૪/- આરોપીઓ દ્વારા પરત પાકતી મુદતે નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે. આરોપીઓએ ગેરકાયદેસર રીતે નાણા મેળવી મિલ્કત ખરીદ કરેલ છે. દરખાસ્તમાં જણાવેલ આરોપીઓની મિલકતની દસ્તાવેજ મુજબની કિંમત કુલ રૂા.૧૮,૦૦,૦૦૦/- જેટલી થાય છે. તેમજ આ મિલકતોની હાલની બજાર કિંમત આશરે રૂ.૨૦,૦૦,૦૦૦/- થાય છે. હાલની તપાસ દરમ્યાન કરીયાદી સાથે કુલ-૧૭૫ સાહેદોની રોકેલ રકમ રૂ.૩,૩૧,૪૧,૨૯૪/- રકમ આરોપીઓએ પરત ચૂકવવામાં આવેલ નથી.

૫. આથી, જાહેરહિતને ધ્યાને લેતા તથા છેતરપિંડીના બનાવો બનતા અટકે તથા રોકાણ- કર્તાઓને પોતાના નાણાં પરત મળે તે હેતુથી ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ની કલમ-૪(૧) હેઠળ આરોપીઓની નીચે એનેક્ષર-A, B અને એનેક્ષર-C માં દર્શાવ્યા મુજબના નાણા/ સ્થાવર/જંગમ મિલકતો ટાંચમાં લેવા હુકમ કરવો જરૂરી છે.

૬. આથી, અમદાવાદ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૧૨૩૦૨૯૪/૨૦૨૩ થી થી દાખલ થયેલ ગુનાનાં કામે ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાઈનાન્સીયલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ની કલમ-૪(૧) મુજબ આરોપીઓની નીચે કોષ્ટકમાં (એનેક્ષર-A, B અને એનેક્ષર-C) દર્શાવ્યા મુજબના નાણા/ સ્થાવર/જંગમ પ્રોપર્ટી ટાંચમાં લેવા તથા પ્રાંત અધિકારીશ્રી, અમદાવાદ શહેર (પશ્ચિમ)ને "કોમ્પીટન્ટ ઓથોરીટી" તરીકે "ડેઝીગ્નેટેડ કોર્ટ"ના આખરી હુકમ સુધી નાણા/ સ્થાવર/જંગમ પ્રોપર્ટી તેઓના હસ્તક રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

એનેક્ષર-A

અ. નં.	મિલકતનું વર્ણન	માલિકનું નામ	ખરીદી મુજબ કિંમત	હાલની આશરે બજાર કિંમત
૧	ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર) તથા તાલુકા ઘાટલોડિયા મોજે ગામ મેમનગરની સીમના સર્વે નં.૧૬૬/૨ ના ટી.પી. સ્કીમ નં.૨૯ ના ફાયનલ પ્લોટ નં.૨૭૨ પૈકીના ખાતા નં.૩૩૦ ની ૧૦૦૦ ચો.મી.ની "નિજાનંદ" એસોશિયેશનની બિનખેતીની જમીન ઉપર આવેલ "વાસુપુજ્ય એપાર્ટમેન્ટ" માં આઠમા માળે આવેલ ફલેટ નં.૮૦૪ વાળી મિલ્કત. મિલ્કતનું ક્ષેત્રફળ : ૯૨ ચો.મી. સુપર બિલ્ટઅપ એરીયા.	આરોપી ચાર્મી સંજયભાઈ મોદી	રૂ.૧૮,૦૦,૦૦૦/-	રૂ.૨૦,૦૦,૦૦૦/-

એનેક્ષર-B

અનુ.	એકાઉન્ટ હોલ્ડરનું નામ	બેંકનું નામ સરનામું	એકાઉન્ટ નંબર	રકમ (રૂપિયા)
૦૧	એલી ગ્લોબલ મ્યુચિયલ બેનિફિટ નિધિ	આઈ.ડી.બી.આઈ.બેંક, ઘાટલોડિયા બ્રાંચ, અમદાવાદ	૦૮૨૧૦૨૦૦૦૦૨૯૫૨૮	૫૯,૧૨૨/-
૦૨	એલી ગ્લોબલ માઈક્રો ફાઈનાન્સ એસોસિયેશન	આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, આશ્રમ રોડ શાખા, અમદાવાદ	૦૧૮૯૦૫૦૧૨૩૧૬	૧૪૭૧/-
૦૩	આરોપી ચાર્મીબેન શ્રીરામ ઉર્ફે નિકુંજ મહેંદ્રભાઈ મુડિયા (મોદી) ની પત્નિ તે સંજયભાઈ મોદીની દીકરી.	બેંક ઑફ ઈન્ડિયા, નવરંગપુરા શાખા, અમદાવાદ શહેર	૨૦૧૩૧૦૧૦૦૦૩૦૯૪૭	૨૭,૦૧૮/-

અનુ.	એકાઉન્ટ હોલ્ડરનું નામ	બેંકનું નામ સરનામું	એકાઉન્ટ નંબર	રકમ (રૂપિયા)
૦૪	આરોપી ચાર્મીબેન શ્રીરામ ઉર્ફે નિકુંજ મહેંદ્રભાઈ મુડિયા (મોદી) ની પત્નિ તે સંજયભાઈ મોદીની દીકરી.	આઈ.સી.આઈ.સી.આઈ. બેંક જીસીપી બિઝનેસ સેન્ટર, મેમનગર શાખા, અમદાવાદ શહેર	૧૮૨૭૦૧૦૦૧૨૮૦	૨૦,૨૯૪/-
			કુલ રકમ (રૂપિયા)	૧,૦૭,૯૦૫/-

એનેક્ષર-C

અ.નં.	ગાડીનો પ્રકાર	ગાડી.નં.	ચેસીસ.નં.	એન્જીન.નં.	મોડલ/ વર્ષ	કિંમત
01	ટુ વ્હીલર રોયલ એનફિલ્ડ	GJ-01-MU-1409	ME3US5C1HA780580	U3S5C1HA434989	2017	1,00,000/-
આ ગાડી આરોપી શિશિર ઉર્ફે મોનુ પ્રેમશંકરના નામે છે. તપાસના કામે કબ્જે કરવામાં આવેલ છે.						

અ.નં.	ગાડીનો પ્રકાર	ગાડી.નં.	ચેસીસ.નં.	એન્જીન.નં.	મોડલ / વર્ષ	કિંમત
01	ફોર વ્હીલર મારૂતિ સ્વિફ્ટ ડિઝાયર	GJ-07-DA-9075	MA3CZFO3SHL228558	D13A3190489	2017	2,00,000/-
આ ગાડી આરોપી ઉમેશ બાલકૃષ્ણ પંજાબીના નામે છે. તપાસના કામે કબ્જે કરવામાં આવેલ છે.						

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. હર્ષિત ગોસાવી,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.08 11:01:32 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar